RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૨ — મંગળવાર, તા.૨૦-૦૧-૨૦૨૬ — અંક : ૧૮ વર્ષ : ૨૧ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# ભાજપ સંગઠન દેશના કાર્યકર-કેન્દ્રીત વિચારનું પ્રતીક : મોદી

## પ્રધાનમંત્રી હોવા છતાં હું ભાજપનો પાયાનો કાર્યકર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી : ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે નીતિન નવીને સત્તાવાર કાર્યભાર સંભાળ્યો

નવી દિલ્હી

નવી દિલ્હી ખાતે આજે ભાજપ મુખ્યાલયના મંચ પરથી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નીતિન નવીનના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત પીએમ મોદીની હાજરીમાં થઈ હતી. પીએમ મોદીએ નીતિન નવીનને ભાજપ અધ્યક્ષનો હોદ્દો સંભાળવા બદલ અભિનંદન આપ્યા હતા અને તેમને માળા અર્પણ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નીતિન નવીનને શુભકામનાઓ પાઠવી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, હું નીતિન નવીનને વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા બદલ અભિનંદન આપું છું. પીએમ મોદીએ કહ્યું હતું કે આ ભાજપ સંગઠન મહોત્સવ દેશના કાર્યકર-કેન્દ્રિત વિચારનું પ્રતીક છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, આપણું નેતૃત્વ પરંપરામાં મૂળ ધરાવે છે, અનુભવથી સમૃદ્ધ છે, અને સંગઠનને જાહેર સેવા અને રાષ્ટ્ર સેવાની ભાવના સાથે આગળ લઈ જાય છે. અમે શૂન્યથી શિખર સુધીની સફર જોઈ છે.પીએમ મોદીએ ભાજપના તમામ ભૂતપૂર્વ પ્રમુખોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે આજે ભાજપનું ધ્યાન સંગઠનના વિસ્તરણ પર જેટલું છે



તેટલું જ કાર્યકર્તાઓના નિર્માણ પર પણ છે. તેમણે કહ્યું હતું કે, મેં મુખ્યમંત્રી અને વડા પ્રધાન તરીકે સેવા આપી છે, પરંતુ હું હંમેશા ભાજપ કાર્યકર રહ્યો છું.તેમણે ઉમેર્યું હતું કે, હું એક કાર્યકર છું, અને નીતિન નવીન મારા બોસ છે.

ભાજપના ભૂતપૂર્વ અધ્યક્ષ જેપી નડ્ડાએ વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળી રહેલા નીતિન નવીનને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, શ્યામા પ્રસાદ મુખર્જીના નેતૃત્વમાં જનસંઘ તરીકે વિકાસ પામવાનો સૌભાગ્ય મેળવનાર આ મહાન પાર્ટીને અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી અને કુશાભાઉ ઠાકરેએ ભાજપ તરીકે વધુ વિકસિત કરી હતી. જેપી નડ્ડાએ કહ્યું કે આજે એક ઐતિહાસિક પ્રસંગ છે જ્યારે આપણા યુવાન, ઉર્જાવાન અને પ્રતિભાશાળી નીતિન નવીન વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. ભાજપ મુખ્યાલયમાં મંચ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, પૂર્વ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને અન્ય લોકો હાજર રહ્યા હતા.

# અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાથી SC/ST એક્ટ હેઠળ ગુનો બનતો નથી

## સુપ્રીમ કોર્ટનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ અવલોકન

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ના સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ અવલોકન કર્યું છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે માત્ર અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવો એ આ કાયદા હેઠળ ગુનો બનતો નથી, સિવાય કે તે શબ્દો પાછળ વ્યક્તિને તેની જાતિના આધારે અપમાનિત કરવાનો સ્પષ્ટ ઈરાદો હોય.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચે પટણા હાઈકોર્ટના આદેશને પડકારતી કેશવ કુમાર



મહતોની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે અપીલકર્તા વિરુદ્ધ ચાલી રહેલી ફોજદારી કાર્યવાહીને રદ કરતા જણાવ્યું હતું કે, 'કલમ ૩(૧)(આર) હેઠળ ગુનો ત્યારે જ બને છે જ્યારે અપમાન કે ધાકધમકી પાછળનો હેતુ પીડિત વ્યક્તિ 'દલિત અથવા આદિવાસી' સમુદાયનો સભ્ય છે તે હોવો જોઈએ. આ કેસની FIR કે ચાર્જશીટમાં જાતિ આધારિત અપમાન થયું હોવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી.'અપીલકર્તા કેશવ કુમાર મહતો સામે પટણા હાઈકોર્ટમાં એક આંગણવાડી કેન્દ્રમાં જાતિ આધારિત ગાળાગાળી અને હુમલો કરવા બદલ FIR નોંધાઈ હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટની કાર્યવાહીમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે માત્ર ફરિયાદી SC/ST સમુદાયનો સભ્ય છે એટલા માત્રથી દરેક વિવાદ આ એક્ટ હેઠળ આવરી શકાય નહી.સુપ્રીમ કોર્ટની બેન્ચે ઉમેર્યું કે, 'જો કોઈ સામાન્ય વિવાદમાં અપમાનજનક ભાષા વપરાય છે, જેમાં જાતિગત વૈમનસ્ય કે અપમાનનો હેતુ નથી, તો તેને SC/ST એક્ટ હેઠળ અત્યાચાર ગણી શકાય નહીં.' આ ચુકાદાને કારણે હવે આ કાયદાના દુરુપયોગ પર લગામ લાગશે અને સાચા ઈરાદા સાથેના કેસોમાં જ કાયદાકીય કાર્યવાહી થશે તેમ માનવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે અગાઉના ચુકાદાઓને ટાંકીને બે અનિવાર્ય શરતો પર ભાર મૂક્યો હતો. પહેલી ફરિયાદી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિનો સભ્ય હોવો જોઈએ.

# ઈરાન હુમલો કરશે તો ઈઝરાયેલની પણ વળતો હુમલો કરવાની ચેતવણી

તેલ અવિવ

મધ્ય પૂર્વમાં જીયોપોલિટીકલ તણાવ સતત વધી રહ્યો છે, યુએસ ઈરાન પર લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે. એવામાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ ઈરાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો ઈરાન ઇઝરાયલ પર હુમલો કરશે તો ઇઝરાયલ અગાઉ ક્યારેય ન થયો હોય એટલી તાકાત સાથે હુમલો કરશે. ઇઝરાયલની સંસદ નેસેટને સંબોધતા નેતન્યાહૂએ કહ્યું કે ઇઝરાયલ સરકાર ઈરાન પર નજર રાખી રહી છે, ઈરાનમાં વિરોધ પ્રદર્શનો બાદ અશાંતિ ફેલાયેલી છે, પ્રદર્શનકારીઓ સામે હિંસક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈરાનનું ભવિષ્ય શું હશે તેની આગાહી કોઈ શકે એમ નથી, પરંતુ ઈરાન પહેલાની સ્થિતિમાં કોઈપણ શરતે પરત નહીં ફરી શકે. આ દરમિયાન નેતન્યાહૂએ કહ્યું "જો ઈરાન આપણા પર હુમલો કરવાની ભૂલ કરશે, તો અમે એવી તાકાતથી કાર્યવાહી કરીશું જેનો ઈરાને હજુ સુધી અનુભવ ન કર્યો હોય."અહેવાલ મુજબ ખામેની વિરોધી પ્રદર્શનોમાં રવિવાર સુધીમાં ૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે., જેમાં લગભગ ૫૦૦ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીએ કહ્યું કે દેશમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો દરમિયાન હજારો લોકોની હત્યા માટે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇઝરાયલ જવાબદાર છે.

# રશિયામાં હિમવર્ષાએ ૩૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો ૧૩ ફૂટ બરફ પડતા જનજીવન ખોરવાયું

## ભારે હિમવર્ષા અને ઠંડા પવનના કારણે તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી સુધી ગગડ્યું : બે લોકોના મોત નીપજ્યા

કામચાત્કામા,રશિયા

રશિયાના સુદૂર પૂર્વ વિસ્તાર કમચાત્કામાં શિયાળો વિકટ બન્યો છે. સમગ્ર વિસ્તાર ૧૩ ફૂટ બરફની ચાદર નીચે દટાઈ ગયો છે. ભારે હિમવર્ષા અને તીવ્ર ઠંડા પવનોને કારણે તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી ગયું છે, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે.કમચાત્કામાં આવેલા આ શક્તિશાળી બરફના તોફાને અનેક શહેરોને બરફમાં દફનાવી દીધા છે. રાજધાની પેટ્રોપાવલોવસ્ક-કમચાત્કામાં છત પરથી બરફ પડવાને કારણે



ઓછામાં ઓછા બે લોકોના મોત થયા છે. પ્રથમ મોતના સમાચારની પુષ્ટિ થતાં જ, શહેરના મેયરે બરફ હટાવવા અને રાહત કાર્યો માટે વધારાના સંસાધનો એકત્ર કરવા માટે શહેરવ્યાપી ઈમરજન્સી જાહેર કરી દીધી છે. હિમવર્ષાના ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં બાળકો બરફના વિશાળ ઢગલા પર લપસતા જોવા મળ્યા, જ્યારે બીજા વીડિયોમાં ઈમારતો ચોથા માળ સુધી બરફમાં દટાયેલી જોવા મળી, જાણે કે આખો વિસ્તાર સફેદ સમુદ્રમાં ફેરવાઈ ગયો હોય. ઘણા વીડિયોમાં તો ગાડીઓ સંપૂર્ણપણે ગાયબ હતી અને માત્ર બરફના ઊંચા ટેકરા જ દેખાઈ રહ્યા હતા.રશિયાના ઈમરજન્સી મંત્રાલયે વીડિયો જારી કરીને બતાવ્યું છે કે કેવી રીતે બચાવકર્મીઓ બરફના ઊંચા ઢગલાને કાપીને એવા વૃદ્ધ લોકો સુધી પહોંચી રહ્યા છે જેઓ પોતાના ઘરોમાં ફસાઈ ગયા હતા.

# અમદાવાદના વટવા તળાવના ૪૦૦ જેટલા દબાણો હટાવવા હાથ ધરાયું ઓપરેશન ડિમોલિશન

## અમદાવાદ મહાનગરપાલિકાની ૧૦ ટીમો દ્વારા ૧૦ હિટાચી,૫ જેસીબીની મદદથી દબાણો તોડી પાડવા હાથ ધરવામાં આવી કાર્યવાહી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તળાવોને દબાણમુક્ત કરવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. ચંડોળા અને ઈસનપુર બાદ આજે વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. તળાવની અંદર અને તેની આસપાસ ખડકાયેલા ૪૦૦ જેટલા ગેરકાયદે દબાણોને દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ છે.વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર દબાણ હટાવવાની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય



ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઝોન-૬ પોલીસ સ્ટેશનના આશરે ૫૦૦ જેટલા પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે અને અમદાવાદ કોર્પોરેશનના ૩૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર રહી મોનિટરિંગ કરી રહ્યા છે. આ દબાણો દૂર કરવા માટે ૧૦ હિટાચી મશીન, ૦૫ જેસીબી અને મોટી સંખ્યામાં મજૂરોની ટીમ કામે લગાડવામાં આવી છે.આ મેગા ઓપરેશન માટે ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે,

જેમાં એસ્ટેટ વિભાગની કુલ ૧૦ ટીમો કાર્યરત કરવામાં આવી છે. આ અગાઉ કોર્પોરેશન દ્વારા તમામ દબાણકર્તાઓને સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા માટે કાયદેસરની નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં, કેટલાક રહીશો દ્વારા બાંધકામ દૂર ન કરાતા આખરે તંત્રએ જેસીબી અને બુલડોઝરની મદદથી તોડી પાડવાની ફરજ પડી હતી.




- અધિકૃત બેંક અધિકારી પાસે રિયલ-ટાઈમ વિડીઓ ઈન્ટરેક્શન (વિડીઓ કેવાયસી)ની મદદથી બેંકમાં ખાતું ખોલાવો અથવા કેવાયસી અપડેટ કરો.
- વિડીઓ કેવાયસીનો ઉપયોગ કરી, બેંક ગ્રાહકની ઓળખ ચકાસશે.
- જરૂરી મુખ્ય દસ્તાવેજો: ડિજિલૉકરમાં સીકેવાયસી નંબર કે આધાર કે ઓળખના દસ્તાવેજો અને પાન કાર્ડ.
- વિડીઓ કેવાયસી તમારી બેંકના સમય પ્રમાણે ઉપલબ્ધ છે.

વધુ જાણકારી માટે, https://rbikehtahai.rbi.org.in/VKYC પર જાઓ
સત્તાવાર વોટ્સએપ નંબરો 99990 41935 / 99309 91935

જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in